# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-02-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. કૃષિ અને ગ્રામીણ વિકાસ માટેની રાષ્ટ્રીય બેંક નાબાર્ડે આગામી વર્ષ માટે ગુજરાતની પ્રાથમિક ક્ષેત્ર માટેની કુલ ધિરાણ ક્ષમતા 4 કરોડ 93 લાખ 33 હજાર રૂપિયા આંકી
2. 16 ફેબ્રુઆરીએ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે સ્થાનિક રાજકારણ ગરમાયુઃ બે જિલ્લામાં કુલ 34 બળવાખોરો બરતરફ
3. અમદાવાદની ગુનાશોધક શાખાએ ગેરકાયેદસર રીતે વસતા 15 બાંગલાદેશીઓનો દેશનિકાલ કર્યો
4. છેલ્લાં 24 કલાકમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉતર ગુજરાતમાં રાત્રિના તાપમાનમાં વધારો
5. ત્રીજી એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ભારતે ઇંગલેન્ડને જીતવા માટે 357 રનનો લક્ષ્યાંક આપ્યો

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# NABARD

કૃષિ અને ગ્રામીણ વિકાસ માટેની રાષ્ટ્રીય બેંક નાબાર્ડે આગામી વર્ષ માટે ગુજરાતની પ્રાથમિક ક્ષેત્ર માટેની કુલ ધિરાણ ક્ષમતા 4 કરોડ 93 લાખ 33 કરોડ રૂપિયા આંકી છે, જે ગયા વર્ષેની અંદાજિત ધિરાણ ક્ષમતા કરતા 39 ટકા વધુ છે. નાબાર્ડે આજે ગાંધીનગરમાં કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્માની હાજરીમાં ગુજરાત માટેના ફોકસ પેપરનું અનાવરણ કર્યું.

સુશ્રી અંજુ શર્માએ રાજ્યમાં કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવા જાહેર ક્ષેત્ર અને વાણિજ્યિક બેંકોને પ્રાથમિક ક્ષેત્ર માટેના તેમના ધિરાણમાં વધારો કરવા અનુરોધ કર્યો. તેમણે ખેડૂતોને ધિરાણ આપવામાં બેંકો અને નાણાકીય સંસ્થાઓની મુખ્ય ભૂમિકા હોવાનું જણાવતા કૃષિ ધિરાણ અંગેના પ્રાદેશિક અસંતુલન અંગે ચિંતા વ્યક્ત કરી.

આ પ્રસંગે નાબાર્ડના ચીફ જનરલ મેનેજર બી.કે. સિંઘલે આકાશવાણી સાથે વાત કરતા જણાવ્યું કે ક્રિસાન ક્રેડિટ લોન ની મર્યાદામાં તેમજ રિઝર્વ બેન્ક દ્વારા બિન જામીન લોનમાં કરાયેલા વધારાને કારણે ખેડૂતોને આવનાર વર્ષોમાં વધુ ધિરાણ ઉપલબ્ધ થશે.

(બાઈટ B K SINGHAL, NABARD)

. . . . . . . . . . . . .

## Zulasan Anupam School

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યનાં દરેક બાળકને શિક્ષણ મળી રહે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. કડી તાલુકાના ઝુલાસણ ખાતે મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત નવનિર્મિત અનુપમ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, શાળા પ્રવેશોત્સવ જેવા આયોજનો દ્વારા રાજ્યમાં શાળા છોડવાનો દર 35%થી ઘટીને 1.98% થયો છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં દીકરીઓનો શાળામાં પ્રવેશનો ગુણોત્તર ૯૯.૮૮% છે, જે ગૌરવની વાત છે. તેમણે જણાવ્યું કે, શિક્ષણમાં સરકાર તો પૂરતું ધ્યાન આપી જ રહી છે પણ સરકાર સાથે જ્યારે જનભાગીદારી જોડાય ત્યારે વિકાસ હંમેશા બેવડાતો હોય છે.

(BYTE - CM Anupam School)

. . . . . . . . . . . . .

# Local body Election

રાજ્યભરમાં 16 ફેબ્રુઆરીએ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રચાર અંતિમ તબક્કામાં પહોંચ્યો છે. પ્રચાર પૂર્ણ થવાને આડે ગણતરીનાં દિવસો બાકી છે, ત્યારે સ્થાનિક રાજકારણ ગરમાયું છે. કેટલાંક જિલ્લામાં બળવાખોરો સામે પગલાં પણ લેવાયા છે.

જામનગર નગરપાલિકા ચૂંટણી પૂર્વે કાલાવડ, જામજોધપુર, ધ્રોલમાં ભાજપ સામે ઉમેદવારી કરનારા સાત સભ્યોને પક્ષમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. આ અંગે જામનગર જિલ્લા ભાજપના અધ્યક્ષ રમેશ મુંગરાએ વધુ માહિતી આપીઃ

(BYTE - Ramesh Mungra)

મહીસાગર નગરપાલિકાની ચૂંટણીમાં પણ જિલ્લા ભાજપ પ્રમુખે બળવાખોરો સામે કાર્યવાહી કરીને સંતરામપુરના 13, બાલાસિનોર અને લુણાવાડાના ચાર-ચાર સભ્યો મળીને કુલ 21 સભ્યોને, તો કોંગ્રેસે છ બળવાખોર કાર્યકરોને પક્ષમાંથી બરતરફ કર્યા છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# NURSING STAFF BHARATI SCAM NEW

રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી નર્સિંગ સ્ટાફની ભરતી પરિક્ષામાં કથિત ગેરરિતી સામે આવતાં આજે ગાંધીનગરમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી-

જીટીયુના રજીસ્ટ્રાર અને આરોગ્ય કમિશનર વચ્ચે બેઠક યોજાઈ હતી. આ પરિક્ષાની આન્સર કીમાં ક્રમબધ્ધ એબીસીડી જવાબ આપવામાં આવ્યા હોવાથી ગેરરિતીનાં આક્ષેપો થયા હતા. આજે GTUએ આરોગ્ય વિભાગને અહેવાલ સોંપ્યો હતો.

અહેવાલમાં ઉમેદવારોના માર્ક્સ, આન્સર કી અને જવાબની પેટર્ન અંગેની માહીતી આપવામાં આવી છે. નર્સિંગ પરીક્ષા માન્ય રાખવી કે રદ કરવી તે અંગે આરોગ્ય વિભાગ નિર્ણય લેશે. ઉલ્લેખનીય છે કે, સ્ટાફ નર્સની પરીક્ષામાં 1903 જગ્યા માટે 53 હજાર ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

. . . . . . . . . . . . .

# I Khedut portal

પાક રક્ષણ માટે ખેતરની ફરતે તારની વાડ બનાવવાની યોજના માટે આઇ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. આજથી ખેડૂતો ગ્રામ પંચાયતના VCE મારફત અરજીઓ કરી જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી ખાતે જમાં કરાવી શકશે. આજે ભેસાણા ગ્રામ પંચાયત ખાતે ખેડૂતોએ VCE મારફત અરજીઓ કરી હતી.

## (બાઈટ - દશરથ પટેલ, VCE, BK)

આ યોજના હેઠળ ખેડૂતો જુથમાં ઓછામાં ઓછા બે હેક્ટર વિસ્તાર માટે નવી તારની વાડ બનાવવા, રનીંગ મીટર દીઠ 200 રૂપિયા અથવા ખરેખર થનાર ખર્ચના ૫૦ ટકા, બે માંથી જે ઓછું હોય તે મુજબ સહાય આપવામાં આવશે. આ પોર્ટલ 18 ફેબ્રુઆરી સુધી ખુલ્લું રહેશે.

. . . . . . . . . . . . .

# BANGLADESHI - DHARPAKAD

અમદાવાદની ગુનાશોધક શાખાએ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ પર કાર્યવાહી કરીને ગેરકાયેદસર રીતે વસતા 15 બાંગલાદેશીઓનો દેશ નિકાલ કર્યો છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મિડીયા પોસ્ટમાં જણાવ્યું છે કે, પોલિસે સગીર છોકરીઓની હેરાફેરી કરનારા વ્યક્તિઓની ધરપકડ કરી છે અને ગેરકાયદેસર રીતે ભારતમાં રહેવા માટે નકલી ભારતીય દસ્તાવેજો બનાવવાના

કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. કોમ્બિંગ ઓપરેશન દરમિયાન ૫૦ ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સની અટકાયત કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

# WEATHER

છેલ્લાં 24 કલાકમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉતર ગુજરાતમાં રાત્રિ તાપમાનમાં વધારો થયો છે.

રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં 14.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસ ઘટીને 31.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

વડોદરામાં લઘુત્તમ તાપમાન 16.4 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 32 ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં લઘુત્તમ તાપમાન 17.7 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 31.7 ડીગ્રી સેલ્સિયસ તથા સુરતમાં લઘુત્તમ તાપમાન 16.8 ડીગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 31.2 ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

આ અંગે હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ કે દાસે વધુ માહિતી આપી.

(BYTE - A K DAS)

. . . . . . . . . . . .

# CRICKET 3ND ODI

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી ત્રણ મેચની વન-ડે શ્રેણીની ત્રીજી મેચમાં ભારતે ઇંગ્લેન્ડને જીતવા માટે 357 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

છેલ્લાં અહેવાલ પ્રમાણે ઇંગ્લેન્ડે 20 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 133 રન કર્યા છે.

ઓપનર ફિલ સોલ્ટ 23 અને બેન ડકેટ 34 રનમાં આઉટ થઈ ગયા હતા. અગાઉ ઇંગલેન્ડે ટોસ જીતીને ભારતને બેટિંગ આપી હતી. શુભમન ગિલ 112, શ્રેયસ ઐયરે 78, વિરાટ કોહલીએ 52 અને કે એલ રાહુલે 40 રન કર્યા હતા. જ્યારે ઈંગ્લેન્ડ તરફથી આદિલ રાશીદે ચાર વિકેટ ઝડપી હતી.

. . . . . . . . . . . . .